Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-2, September-2018

# 'અનુભવની એરણ પર'માં પ્રગટતાં શિક્ષકવિષયક વિચારો: એક અભ્યાસ

પંકજ જે.વાઘેલા
શિક્ષણ સહાયક, સરદાર પટેલ વિદ્યાલય, બામણગામ-ગંભીરા, મો.૯૯૯૮૯૩૦૨૯૯,
pjvaghela1986@gmail.com

❖ **પ્રસ્તાવના :**

શિક્ષણ એ માનવજીવનનું આંતરિક સંરક્ષણ છે. જેમાં શિક્ષક મનુષ્યને માણસાઇના પાઠો શીખવે છે. માણસને પરંપરાગત વાડાઓમાંથી બહાર કાઢી 'સ્વતંત્ર વ્યકિત' તરીકે જીવવાનો દરજ્જો આપે છે, પરંતુ શિક્ષકસમાજને મારો એક પ્રશ્ન છે કે, પ્રવર્તમાન સમયમાં જીવન અને શિક્ષણ વચ્ચે પરસ્પર સંબંધ રહ્યો છે ખરો ? અલ્પસંખ્યને બાદ કરતા મોટાભાગના જવાબ આપશે ના. કારણ કે, મોટાભાગના શિક્ષકો પોતાના અધ્યાપન કાર્યને એક વિધિ તરીકે જ જુએ છે. તેથી રૂઢિગત શિક્ષણપ્રક્રિયાનું વાસ્તવિક ચિત્ર શિક્ષણજગત સમક્ષ રજૂ થતું નથી. હા, કેટલાંક આંગળીના વેઢે ગણી શકાય તેવા ગણ્યાં-ગાઠયાં શિક્ષકોએ પોતાના શિક્ષણકાર્યના અનુભવોને અનુભવકથારૂપે શબ્દસ્થ કરીને શિક્ષકસમાજને આત્મનિરીક્ષણ તરફ પ્રેરવાના પ્રયાસો કર્યા છે. શિક્ષકત્વથી ભર્યા ભર્યા એવા મનસુખ સલ્લા તેમાના એક છે. મનસુખ સલ્લાએ પોતાના શિક્ષકજીવનના અનુભવોને 'અનુભવની એરણ પર'માં આલેખી અર્થસભર શિક્ષણનો એક નવો રાહ ચીંધ્યો છે. આથી અભ્યાસકર્તાને મનસુખ સલ્લાની અનુભવકથામાં નિરૂપિત શિક્ષકવિષયક વિચારોને જોવા, જાણવા અને સમજવાની જિજ્ઞાસા થઇ.

❖ **સંશોધનના હેતુઓ :**

➢ 'અનુભવની એરણ પર'માં પ્રતિબિંબિત થતાં શિક્ષકવિષયક વિચારોનો અભ્યાસ કરવો.
➢ અનુભવકથામાં નિષ્પન્ન થતાં શિક્ષકવિષયક વિચારોનું વિશ્લેષણ અને અર્થઘટન કરીને તારણો તારવવા.

❖ **સંશોધનના પ્રશ્નો :**

➢ 'અનુભવની એરણ પર'માં શિક્ષકવિષયક વિચારો કેવા હશે?
➢ અનુભવકથામાં શિક્ષકવિષયક વિચારોનું વિશ્લેષણ, અર્થઘટન અને તારણો કેવા મળશે?

❖ **શિક્ષકવિષયક નિદર્શોનું વિશ્લેષણ અને અર્થઘટન :**

'અનુભવની એરણ પર'નું પ્રાથમિક વાંચનથી કેટલીક ખ્યાલાત્મક સમજ તેમજ વિચાર એકમોની સંખ્યાત્મક ઉપલબ્ધિનો ખ્યાલ આવ્યો. વિચાર એકમોની માહિતીનું એકત્રીકરણ કરવા માટે નોંધપત્રકની પ્રારંભિક રચના કરીને વિશ્લેષણ અંગેનો પ્રારંભિક નિર્ણય લેવાનું નક્કી કર્યું દ્વિતીય વાંચન દરમ્યાન અનુભવકથામાંથી પ્રાપ્ત થયેલાં શિક્ષકવિષયક કુલ ૧૪ વિચાર એકમોનું વિશ્લેષણ અને અર્થઘટન નીચે પ્રમાણે કરવામાં આવ્યું છે.

**શિક્ષક**

| ક્રમ | વિચાર એકમો | ચાવીરૂપ શબ્દો |
|---|---|---|
| ૧ | શિક્ષક થવું એ એક રીતે સાધના છે. (પૃ.૧૭૯) | શિક્ષકસાધના |
| ૨ | શિક્ષકત્વ કેવળ વર્ગખંડમાં જ નથી હોતું, તમામ કાર્યો અને સંબંધોમાં પણ હોય છે. (પૃ. ૨૨૭) | કાર્યો અને સંબંધોમાં શિક્ષકત્વના બીજ |
| ૩ | શિક્ષક તરીકે આત્મીયતાભર્યાં, ધૈર્યપૂર્ણ અને મૂલ્યનિષ્ઠ રહીએ તો કશુંય અફળ જતું નથી. (પૃ. ૧૪૩) | આત્મીયતા, ધૈર્ય, મૂલ્યનિષ્ઠા |
| ૪ | શિક્ષકે એકથી વધુ પદ્ધતિઓ, માર્ગો માટે ઉદ્યુક્ત રહેવું જોઇએ. (પૃ.૭૦) | પદ્ધતિઓ અને માર્ગો |
| ૫ | જો શિક્ષકો એક વખત જાતતપાસ પરત્વે જાગ્રત થાય, તો તેમને રસ પડે છે. (પૃ.૧૭૯) | જાતતપાસ પરત્વે જાગ્રત |
| ૬ | વિદ્યાર્થીને વિકાસ ભણી પ્રેરવા માટે, સ્વશક્તિનું ભાન કરાવવા માટે શિક્ષકે ખુદને ઓળખવાનું સાતત્યપૂર્ણ કાર્ય કરવું જોઇએ. (પૃ.૧૭૯) | સ્વશક્તિનું ભાન |
| ૭ | કાર્યકરોની જાતતપાસ માટેની અભિમુખતા વધે તેવા કાર્યક્રમો સતત અને દૃષ્ટિપૂર્વક ચાલતા રહેવા જોઇએ. (પૃ.૧૮૩) | જાતતપાસ માટેના કાર્યક્રમો |
| ૮ | શિક્ષકો સતત વાંચતા-વિચારતા રહે તો જ પોતે વિકસિત રહે છે. (પૃ. ૧૮૨) | શિક્ષકનું અધ્યયન-ચિંતન |
| ૯ | જો શિક્ષક ખુલ્લો હોય, આપઘડતર માટે ઉત્સુક હોય, પોતાને સતત વિદ્યાર્થી ગણતો હોય તો ગ્રંથોમાંથી, સત્સંગમાંથી અને જીવનાનુંભવોમાંથી શીખી શકે છે. (પૃ.૨૨૮) | અધ્યયન દ્વારા આપઘડતર |
| ૧૦ | વિદ્યાર્થીઓને વાંચવા પ્રેરવા, રસ ઊભો કરવો એ અધ્યાપકોનું કામ છે. (પૃ. ૧૦૨) | અધ્યયન રસ |
| ૧૧ | શિક્ષક વિદ્યાર્થીના ચારિત્ર્યઘડતર અને વૃત્તિઓના ઊર્ધ્વીકરણ માટે પ્રેરનાર મુખ્ય બળ છે. (પૃ. ૨૪૦) | ચારિત્ર્યઘડતર અને વૃત્તિઓનું ઊર્ધ્વીકરણ |
| ૧૨ | કેવળ વિદ્યાર્થી જ શિક્ષક પાસેથી શીખે છે તેવું નથી, શિક્ષક પણ વિદ્યાર્થી પાસેથી ઘણું શીખે છે. (પૃ. ૨૨૮) | શિક્ષક-વિદ્યાર્થી પરસ્પર શીખવે |
| ૧૩ | વિદ્યાર્થીઓ સમક્ષ પારદર્શક રહેવું એ શિક્ષકજીવનની પહેલી શરત છે. (પૃ. ૨૧૯) | પારદર્શિતા |
| ૧૪ | વિદ્યાર્થી માહિતીથી આગળ વધીને જ્ઞાનયાત્રા કરે અને જ્ઞાનને સમજણરૂપે પોતાનામાં ઠારે એ જ સાચા શિક્ષકની ઝંખના હોય છે. (પૃ.૮૯) | સમજણરૂપી જ્ઞાનયાત્રા |

ઉપર્યુક્ત સારણીમાં ચાવીરૂપ શબ્દોની ક્રમશઃ ગોઠવણી અને અભ્યાસ પરથી સ્પષ્ટ થાય છે કે, મનસુખ સલ્લાના શિક્ષકસંબંધી વિચારોમાં શિક્ષકસાધના, કાર્યો અને સંબંધોમાં શિક્ષકત્વ,

આત્મીયતા અને મૂલ્યનિષ્ઠા, પદ્ધતિઓ અને માર્ગો, સ્વશક્તિ, જાતતપાસ માટેના કાર્યક્રમો, અધ્યયન, આપઘડતર, પારદર્શિતા, સમજણરૂપી જ્ઞાનયાત્રા વગેરે મુખ્ય શબ્દ ઘટકો છે.

શિક્ષણ એક પવિત્ર વ્યવસાય છે. તે એક એવું મિશન છે જે દેશ, કાળ તેમજ પરિસ્થિતિ પ્રમાણે બદલાતું રહે છે. શિક્ષણકાર્ય રાષ્ટ્રનિર્માણનું કાર્ય છે. 'શિક્ષકસાધના' શબ્દાવલી સૂચિત કરે છે કે, શિક્ષકે શિક્ષણક્ષેત્રે બનતી નાનકડી ઘટનાઓમાં પણ સભાનતા દાખવવી જરૂરી બને છે. અને આ દરેક બનાવોને ખુલ્લા મને પૂર્વગ્રહમુક્ત બનીને મૂલવવા પડે છે. વિદ્યાર્થીઓ નિર્જીવ પદાર્થો નથી,પરંતુ વિકાસમાન ચૈતન્ય છે. ચૈતન્ય સાથે કામ પાર પાડનારે ખુદને ઓળખવાનું સાતત્ય કેળવવું પડે છે. શિક્ષકસાધના સંદર્ભે વિનોબા ભાવે (સલ્લા,મનસુખ. ૨૦૦૮/૨૦૧૧. પૃ.૧૮૨) જણાવે છે કે, "દરેક કાર્યકર કાર્યકર તો હોય જ, પરંતુ સાધક પણ હોવો જોઇએ." શિક્ષણ પ્રક્રિયાના તમામ કાર્યોમાં તેમજ સમગ્ર કાર્યકરોના સંબંધોમાં શિક્ષકનું શિક્ષકત્વ પ્રગટે છે. શિક્ષકનું શિક્ષકત્વ વર્ગખંડ પૂરતું સીમિત રહેતું નથી. શિક્ષક વિદ્યાર્થીને સહાયક બનીને 'તું તારો દીવો થા'ની ભાવના જગાડે છે.

વિચાર એકમ- ૩ સ્પષ્ટ કરે છે કે, શિક્ષણમાં આત્મીયતા, ધીરજ અને મૂલ્યનિષ્ઠા હોવી ખૂબ આવશ્યક છે. શિક્ષકે ભાવિસમાજનું નવનિર્માણ કરવાનું છે. શિક્ષકની દરેક શૈક્ષણિક પ્રવૃત્તિ જીવનોપયોગી તેમજ સમાજોપયોગી બનવી જરૂરી છે. તેથી જ મનસુખ સલ્લાએ શિક્ષકના 'જીવનધર્મ' ને વિશિષ્ટ ગણાવ્યો છે. શિક્ષક પાસે વિદ્યાર્થીઓને જ્ઞાન આપવાના વિવિધ માર્ગો તેમજ અનેક પદ્ધતિઓ હોવી જરૂરી છે. કારણ કે, દરેક વિદ્યાર્થી વિભિન્ન વાતાવરણ, સંસ્કાર-વારસો, મનોવલણો લઇને આવતો હોવાથી દરેકની જ્ઞાનકક્ષાઓ-અર્થગ્રહણક્ષમતાઓ તેમજ બુદ્ધિમાં જુદાપણું જોવા મળે છે. જેમ દરેક તાળાની એક ચાવી હોતી નથી. તેમ બધી સમસ્યાના ઉકેલો માટેનો કોઇ એક માર્ગ હોતો નથી. અધ્યાપન પદ્ધતિ વિશે ફિરોઝ કા. દાવર (પટેલ, બબાભાઈ.૧૯૮૮/૧૯૯૮.પૃ.૧૩૪) જણાવે છે કે, "શિક્ષણની કળાને બહુ સાવધાનીપૂર્વક કેળવવી પડે છે. પોતાની પાસેની માહિતીનું ભંડોળ ગમે તેમ વેડફી નાખવાનું નથી હોતું. પણ પદ્ધતિસર અને કલાત્મક ઢબે વિદ્યાર્થીઓને પહોંચાડવાનું હોય છે."

શિક્ષણનું અનિવાર્ય ઘટક જાતતપાસ છે. શિક્ષણક્ષેત્રે શિક્ષકની અસરકારક છબી અંકિત કરવામાં જાતતપાસ દીવાદાંડી સમાન છે. મનસુખ સલ્લા શિક્ષકસમાજને જાતતપાસ પરત્વે જાગ્રત રહેવાનું સૂચવે છે. આત્મનિરીક્ષણથી શિક્ષકનું વ્યક્તિત્વ સુગ્રથિત બને છે. પોતાના કાર્યોના સબળાં અને નબળાં પાસાંઓ અંગે વિચારવાની તક સાંપડે છે. શિક્ષકોની આત્મસભાનતા માટે જાતતપાસના કાર્યક્રમોનું સતત અને દૃષ્ટિપૂર્વક આયોજન થવું જરૂરી છે. કારણ કે, કોઇ એક જ કાર્યક્રમ ઉત્તમ અને છેવટનો હોતો નથી. સંસ્થાના મુખ્ય માણસોએ ગુણવિકાસ સુટેવરૂપે સ્થિર થાય તેની કાળજી લેવી જોઇએ. વિદ્યાર્થીઓમાં સ્વશક્તિનું ભાન કરાવતા પહેલા શિક્ષકમાં આત્મનિરીક્ષણનું કૌશલ્ય કેળવાયેલું હોવું જરૂરી છે. 'આત્મનિરીક્ષણ' ને કેળવણીનો સર્વોચ્ચ હેતુ માનનાર ગાંધીજી (દવે, શાસ્ત્રી જયેન્દ્ર. ૧૯૮૬/૨૦૧૩. પૃ.૧૭૧) નોંધે છે કે, "અંતિમ વાસ્તવિકતાનો અનુભવ ઇશ્વર અને આત્માનુભૂતિનું જ્ઞાન છે."

માનવજીવનના સુખાકારીમય જીવન માટે વાંચન એ અભિન્ન અંગ સમાન છે. વાંચન એ શિક્ષકોના વૈચારિક પાસાંઓને મજબૂત કરે છે. વિદ્યાર્થીઓને વર્ગખંડમાં વૈવિધ્યપૂર્ણ જ્ઞાન

પીરસવા માટે શિક્ષકનું સતત અધ્યયન હોવું આવશ્યક બને છે. શિક્ષકના સતત વાંચનથી અધ્યાપન કાર્યમાં પ્રવાહિતા જળવાઇ રહે છે. અને પોતે સમગ્રપણે વિકસતો રહે છે. મનસુખ સલ્લા શિક્ષકસજ્જતા અને આપઘડતર માટે શિક્ષકને કાયમ ખુલ્લા અને ઉત્સુક રહેવાનું સૂચવે છે. શિક્ષકના વ્યક્તિત્વના ખુલ્લાપણાંથી નવીન પ્રવાહો સાથે અનુકૂળ થવામાં મુશ્કેલીઓ પડતી નથી. અને તે એકથી વધુ પદ્ધતિઓ તેમજ માર્ગો માટે ઉદ્યુક્ત રહે છે. તે પોતાના આપઘડતર માટે હંમેશા ઉત્સુક રહે છે. તે પોતાને વિદ્યાર્થી ગણીને ગ્રંથો, સત્સંગ તેમજ જીવનાનુંભવોમાંથી નવું નવું શીખતો રહે છે. વિદ્યાર્થીઘડતરમાં પણ વાંચન એક મહત્ત્વનું પરિબળ છે. તેથી શિક્ષકના મહત્ત્વના કાર્યોમાંનું એક કાર્ય વિદ્યાર્થીઓમાં વાંચનરસ ઊભો કરવાનું છે, વાંચન માટે પ્રેરિત કરવાનો છે. વિચાર એકમ-૧૨ સ્પષ્ટ કરે છે કે, વર્ગશિક્ષણ દરમ્યાન શિક્ષક અધ્યાપન દ્વારા વિદ્યાર્થીઓને શીખવે છે. તેમાં માત્ર વિદ્યાર્થીઓ જ નથી શીખતા, પરંતુ વિદ્યાર્થીઓ પાસેથી શિક્ષક પણ શીખતો રહે છે. એટલે વર્ગશિક્ષણ દરમ્યાન શિક્ષક-વિદ્યાર્થી જ્ઞાનનું પરસ્પર આદાન-પ્રદાન કરે છે. એકબીજા નવા જ્ઞાનનો પોતાનામાં ઉમેરો કરે છે.

વિચાર એકમ-૧૧ અને ૧૩ની 'ચારિત્ર્યઘડતર અને વૃત્તિઓનું ઊર્ધ્વીકરણ,પારદર્શિતા' જેવી શબ્દાવલીઓ શિક્ષણમાં શિક્ષકને અસાધારણ વ્યક્તિ ગણાવે છે. તે વિદ્યાર્થીઓનો ભાગ્યવિધાતા છે. શિક્ષક શિક્ષણ અને પોતાની વર્તણૂક દ્વારા વિદ્યાર્થીને જીવન જીવવાની કળા શીખવે છે. શિક્ષકે જ્ઞાન, ભક્તિ અને કર્મનો ત્રિવેણી સંગમ રચવા માટે વિદ્યાર્થીઓ સમક્ષ 'પારદર્શક' રહેવું જરૂરી બને છે. શિક્ષકે વિદ્યાર્થીઓની દુરવૃતિઓને બદલે સદવૃત્તિઓનું ઊર્ધ્વીકરણ કરી ચારિત્ર્ય ઘડતર કરવાનું છે. શિક્ષકધર્મ સંદર્ભે જે.કૃષ્ણમૂર્તિ (પટેલ,બબાભાઈ.૧૯૮૮/૧૯૯૮.પૃ.૫૪) જણાવે છે કે, "માનવી માત્રમાં દિવ્યતા રહેલી છે. એને પ્રગટાવવા મથવું એ શિક્ષકજીવનનો મહાન અધિકાર અને ધર્મ છે, શિક્ષણનો એ એક મહાન આદર્શ છે." દરેક સાચા શિક્ષકની ઝંખના હોય છે કે, વિદ્યાર્થી માહિતીથી આગળ વધીને જ્ઞાનની યાત્રામાં વિહાર કરે અને મેળવેલ જ્ઞાન પોતાનામાં સમજણરૂપે ઠારે. વિદ્યાર્થી મેળવેલ જ્ઞાનનું સર્જન કરતો થાય અને જ્ઞાનનો વ્યવહારમાં ઉપયોગ કરી સફળ બને તેવી દરેક શિક્ષક અપેક્ષાઓ રાખતો હોય છે.

❖ **અભ્યાસના તારણો :**

'અનુભવની એરણ પર' અનુભવકથામાંથી નિરૂપિત થતાં શિક્ષકવિષયક વિચારોનું અર્થઘટન કરી તેના આધારે અહીં મુખ્ય તારણો અને વિસ્તૃત તારણો રજૂ કરવામાં આવ્યાં છે.

**૧. મુખ્ય તારણો :**

- શિક્ષકે શિક્ષકસાધનાને જીવનસાધના માનવાની છે.
- શિક્ષકનું વ્યક્તિત્વ સર્વાંગસંપૂર્ણ હોવું અનિવાર્ય છે.
- શિક્ષકના શિક્ષકત્વની ખીલવણી માટે જાતતપાસ અનિવાર્ય ઘટક છે.
- શિક્ષક આજીવન અભ્યાસી હોવો જરૂરી છે.
- શિક્ષકે વિદ્યાર્થીના ચારિત્ર્યઘડતર માટે પ્રતિબદ્ધ રહેવાનું છે.

**૨. વિસ્તૃત તારણો :**

- શિક્ષકે ઔપચારિક તેમજ અનૌપચારિક કાર્યો અને સંબંધોમાં શિક્ષકત્વ પ્રગટાવવાનું છે.

- શિક્ષકનું વ્યક્તિત્વ નીતિમત્તાવાળું હોવું અનિવાર્ય છે.
- શિક્ષક વર્ગશિક્ષણ માટેની અનેકવિધ અધ્યાપન પદ્ધતિઓથી સજ્જ રહેવો જરૂરી છે.
- શિક્ષકે આત્મનિરીક્ષણનું કૌશલ્ય કેળવવાનું છે.
- શિક્ષકે વિદ્યાર્થીઓને આત્મવિવેકી બનાવવાના છે.
- શિક્ષકે હંમેશા ખુલ્લા રહીને જીવનના દરેક ક્ષેત્રમાંથી સતત શીખતા રહેવાનું છે.
- વિદ્યાર્થીઓમાં અધ્યયનશીલતા કેળવાય એ શિક્ષકનું મહત્ત્વનું કર્તવ્ય છે.
- શિક્ષકે વિદ્યાર્થીઓને ચારિત્ર્યવાન બનાવવાના છે.
- શિક્ષકે વિદ્યાર્થીઓને જ્ઞાનનું સર્જન કરતા કરવાના છે.

❖ **ભાવિ સંશોધનો અંગેના સૂચનો :**

- મનસુખ સલ્લાના કેળવણીવિષયક વિચારોનો અભ્યાસ કરી શકાય.
- 'અનુભવની એરણ પર' માં નિરૂપિત શૈક્ષણિક વિચારોનો અભ્યાસ હાથ ધરી શકાય.
- ગુજરાતી કેળવણીકારોની અનુભવકથાઓમાં નિષ્પન્ન થતાં શિક્ષણ વિચારોનો અભ્યાસ હાથ ધરી શકાય.
- 'અનુભવની એરણ પર' માં વ્યક્ત થતાં શૈક્ષણિક વ્યવહારોનો વિશ્લેષણાત્મક અભ્યાસ હાથ ધરી શકાય.

❖ **સંદર્ભસૂચિ :**


પટેલ, બબાભાઈ. ૧૯૮૮/૧૯૯૮. **શિક્ષક-ઉપનિષદ** (વિચાર સંચય).અમદાવાદ-૧: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય.

દેસાઈ, ધનવંત અને ત્રિવેદી, અરવિંદ. ૧૯૫૯(દ્વિ. આ.). **શિક્ષણના મૂળતત્ત્વો અને શાળા સંચાલન.**અમદાવાદ : આર.આર. શેઠ ઍન્ડ કંપની.

દવે, શાસ્ત્રી જયેન્દ્ર. ૧૯૮૬/૨૦૧૩. **ભારતીય ચિંતકોનું શિક્ષણચિંતન.** અમદાવાદ-૬ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.